
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ





હા, મોંઘવારી અને ફુગાવાનો દર વધઆરે જાહેર થઇ ગયો હોવાનુ અમારા ધાનમાં આવ્યુ છે... આવી ગંભીર બ્રેદરકારી બદલ જવાબદાર તમામ અધિકારીઓ સામે તાત્કાલીક કડક કાર્યવાહી કરવાનાં આદેશ આપવામાં આવ્યો છે... લોકોએ બિલકુલ ચિંતા કરવી નહી...!!

# શહેરની સિવિલમાં શ્વાનના આંટાફેરા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિવિલમાં ઠેરઠેર રખડતા શ્વાન નજરે પડી રહ્યા છે. દર્દીઓ તેમજ સગાઓ શ્વાનથી ડરી રહ્યા છે. સિવિલની લોબી અને વોર્ડની આસપાસ શ્વાન આંટાફેરા મારતા હોય છે. ત્યારે હોસ્પિટલમાં શ્વાન કોઈને નુકશાન પહોંચાડે તે પહેલા હોસ્પિલમાંથી દુર કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

મળતી વિગત મુજબ સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવથી માંડીને ડાયાલિસીસ સુધીની સુવિધા ઉપલબ્ધ છે. સિવિલમાં ઓપીડી તેમજ ઈન્ડોર



બિલ્ડીંગ દર્દીઓથી ભરચક જોવા મળે છે. ત્યારે શહેરની સિવિલ હોસ્પિટલમાં શ્વાનના આંટાફેરા વધી ગયા છે. ૬૦૦ બેડની હોસ્પિટલ થી લઈને ઓપીડી વિભાગ સુધી શ્વાન ગમે ત્યાં ફરતા જોવા મળે છે. ત્યારે સિવિલના દર્દીઓ અને સ્વજનો પણ શ્વાનને જોઈ ડર અનુભવી રહ્યા છે. હોસ્પિટલની અંદર દર્દીના સગાઓ બીડી, સીગારેટ કે ગુટખા કે મસાલા લઈ જઈ શકતા નથી, તો શ્વાન કેવી રીતે અંદર આવે છે વાત પણ નવાઈ ઉપજાવે છે. શ્વાન રાત્રીના સમયે પણ વોર્ડ તરફ ફરતા જોવા મળે છે. ત્યારે કોઈ દર્દી કે અન્ય કોઈ વ્યકિતને નુકશાન પહોંચાડી શકે છે. તો બીજતરફ દર્દીના સગાઓ જ લોબીમાં જમીને શ્વાનને જમવાનું આપતા હોવાથી શ્વાન આ હોસ્પિટલ છોડી જવાનું નામ લેતા નથી. સિવિલમાં અગાઉ પણ શ્વાનને કારણે કેટલાક કિસ્સા બનવા પામ્યા છે. જે સિવિલના સત્તાધિશો અને સ્ટાફના કર્મચારીઓને પણ ખબર હશે. ત્યારે સિવિલમાં આંટાફેરા મારતા શ્વાનને હાંકી કાઢવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ખૂણેખાંચરેથી

● રાજ્યના એક સનદી અધિકારીના નિવાસસ્થાને સીબીઆઈની તપાસને લઈ આજે ગાંધીનગરમાં સન્નાટો વ્યાપેલો જોવા મળ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ પ્રવર્તી રહ્યો હોવાથી મિનરલ પાણીની બોટલોમાં ઘરાકી વધી રહી છે.

● સે. ૧૭માં ઈન્દિરા ભવન ખાતે લેબ. ટેકનીશ્યન સંવર્ગના પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોના ગુણપત્રકો અને પ્રમાણપત્રોની ચકાસણીમાં જિલ્લા પંચાયતના કર્મચારીઓ રોકાયેલા હોવાથી પંચાયતની કામગીરી ઠપ્પ થવા પામી છે.

● ગાંધીનગર જિલ્લામાં ખેતીવાડી, પશુપાલન અને જળસ્ત્રાવ યોજનાઓની સમીક્ષા માટે આજે જિલ્લા વિકાસ અધિકારીએ બેઠક યોજી હતી.

● સિનીયર સનદી અધિકારી અનિતા કરવાલ કોરોનામાં સપડાયા છે. તેઓ હાલ દિલ્હીમાં ડેપ્યુટેશન પર ફરજો બજાવી રહ્યા છે.

● ગાંધીનગર મનપાના યોગ કોર્ડીનેટર ભાવનાબેન જોશીએ આજે વિવિધ વિસ્તારોમાં ચાલતા યોગ શિબિરની મુલાકાત લીધી હતી. યોગ શિક્ષક પરાગીબેન ગાંધીની યોગ શીખવવાની પદ્ધતિથી તેઓ પ્રભાવિત થયા હતા અને આનંદ સાથે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

● સે. ૨૩માં આવેલ અરવિંદ કેન્દ્ર ખાતે અરવિંદના જીવન ચરિત્ર અને માતાજીની સંવેદના પર વિશેષ વક્તવ્યનું આયોજન કરાયું હતું.

● કોલવડા આયુ. કોલેજ અને હોસ્પિટલની મુલાકાતે યુ.એસ.ની ટીમે મુલાકાત લીધી હતી.

● ગાંધીનગર જિલ્લાના વાસણા ગામમાં આવેલ મુક્તિધામમાં સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરાયુ હતુ.

● દહેગામ પાલિકાના સેવાસેતુમાં ૧૮૦૦ થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# શિહોલી મોટી ગામે જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવતા વ્યકિત સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૦

શિહોલી મોટી ગામે લેકાવાડા ગામના ખેડુતે જમીન ખરીદી હતી. તે જમીન પર અન્ય વ્યકિતએ ગેરકાયેદસર કબ્જો જમાવી દીધો છે. કોઈપણ હક ધરાવતા ન હોવા છતા જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી જમીન પર કબ્જો જમાવી ઘરનું બાંધકામ કરી જમીન પચાવી પાડવાનું કારસો ઘડતા લેકાવાડના ગામના ખેડુતે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર લેકાવાડા ગામના રહીશ અને નાગરીક બેંકમાં ફરજ બજાવતા મહિપતસિંહ લક્ષ્મણસિંહ વાઘેલાની મોટી શિહોલી ગામે સર્વે નં-૨૨૦ વાળી જમીન માલિકો પાસેથી વર્ષ ૨૦૦૧૧માં જમીન વેચાણ થી લીધી હતી.શિહોલી મોટી ગામે જુના સર્વે નં.૭૪૫ અને નવો સર્વે નં.૨૨૦ વાળી જમીન શંકરજી ચંદાજી ઠાકોર (રહે.શિહોલી મોટી) ની માલિકીની હતી. તેમના અવસાન બાદ તેમના વારસદાર તરીકે દિકરો તખાજી શંકરજી ઠાકોર (શિહોલીમોટી) અને દિકરી માણેક શંકરજી ચંદાજી ઠાકોર (રહે.બોરીયા) નામ રેવન્યું રેકર્ડમાં દાખલ થયા હતા. ત્યારબાદ તખાજી શંકરજી ઠાકોર અપરણિત હોવાથી તે તેમના બહેન સાથે લેકાવાડા ગામે જે તે સમયે વસવાટ કરતા હતા. તે સમયે જમીન વેચાણની વાત થતા લેકાવાડા ગામના મહિપતસિંહ લક્ષ્મણસિંહ વાઘેલાએ રૂ.૧૫ લાખમાં જમીન ખરીદી હતી. સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે તા.૧૦-૫-૨૦૧૧ ની દસ્તાવેજ નં.૫૬૭૭-૨૦૧૧ ની નોંધ થઈ છે. જમીન વેચાણ અંગે રેવન્યુ રેકર્ડમાં પણ કાચી નોંધ કરાવી હતી. શિહોલી મોટી ગામે સર્વ નં.૨૨૦ વાળી જમીનનો કબ્જો લેવા જતા જમીન પર શિહોલી મોટી ગામના રાધેશ્યામ શંકરજી રામાજી ઠાકોરે કબ્જો કરી લીધો છે. રાધેશ્યામ ઠાકોર જમીનમાં ખેતી કરે છે અને કબ્જો આપવાની ના પાડે છે. જયારે આ જમીન ગીરો રાખવામાં આવેલી હોવાની વાત કહી રેવન્યુ રેકર્ડ નોંધની વિરુધ્ધ તકરાર ઉભી કરી છે. જયારે લેકાવાડના ખેડુતની નોંધ પ્રમાણિત થવા દીધી નથી. ત્યારે લેકાવાડના મહિપતસિંહ વાઘેલાએ વર્ષ ૨૦૧૧માં જમીન ખરીદી હોવા છતા જમીન પર ગેરકાયદેસર રીતે કબ્જો કરી લેનાર રાધેશ્યામ ઠાકોરને જમીનનો કબ્જો આપવા જણાવવા છતા ન આપતા અને જમીન હક ધરાવતો ન હોવા છતા વિવાદ ઉભો કરી તેમજ જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઘરનુ બાંધકામ કરી જમીન પચાવી પાડવાનું કરતા લેકાવાડાના ખેડુત મહિપતસિંહ વાઘેલાએ લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## આગામી સીઝનમાં વૃક્ષારોપણ માટે બીજ એકત્ર કરવાની ઈસીડીસી સંસ્થાની પહેલ



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના કલોલ ખાતેની સંસ્થા દ્વારા પ્રકૃતિ પર્યાવરણની સેવા અર્થે ફળાઉ વૃક્ષો વાવવાનું ઓક્સિજન પાર્ક બનાવવાનું કાર્ય કરવામાં આવે છે. આ બાબતે પ્રકૃતિ પ્રેમી નાગરિકોને સોશિયલ મિડીયા થકી અપીલ કરવામાં આવી રહી છે જેમાં સંસ્થા દ્વારા જણાવાય છે કે 'આપના ઘરે રાયણ, કેરી, ખજૂર, ચીકુ, બોરડી, જાંબુ, ફાલસા, મોસંબી, પપૈયા, આંબલી, ગોરસ આંબલી, ગુદા, બદામ, બોરસલી જેવા વૃક્ષ થઈ શકે તેવા પ્રકારના ફળના બીજ કચરાપેટીમાં નહીં નાખતા એને પાંચ દિવસ તડકે સૂકવીને અમારા નિર્ધારિત સ્થળે પહોંચાડવા વિનંતી જેથી ફળાઉ વૃક્ષો વાવવાથી પક્ષીઓ માટે ભોજનની વ્યવસ્થા થશે અને અબોલ જીવોની સેવા થશે.' બીજ મોકલવા માટેનો કુરીયર ખર્ચ સંસ્થા દ્વારા ચૂકવવાનું આયોજન કરવામાં આવ્યું છે. બીજ મોકલવા માટે એન્વાયર્નમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થાના કલોલ ખાતેના નવજીવન કમ્પાઉન્ડમાં સિટી મોલ-૧માં ત્રિજે માળે ૧૩૫ નંબર ખાતે મોકલી શકાશે જે માટે વધુ માહિતી લેવા મો.નં. ૯૧૦૬૯ ૩૬૪૨૧ પર સંપર્ક સાધી શકાશે.

# દિકરીના પિતાએ સાસુ અને જમાઈ સામે ફરીયાદ નોંધાવી

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૭ ખાતે રહેતા યુવકના લગ્ન ચાર વર્ષ પહેલા કેરળની યુવતિ સાથે થયા હતા. લગ્ન પહેલા યુવતિ ડેન્ટલનો અભ્યાસ કરી રહી હતી. જયારે લગ્ન બાદ યુવતિને તેના પતિ અને સાસુ દહેજ અંગે શારીરીક અને માનસિક ત્રાસ આપતા યુવતિ ત્રાહીમામ પોંકારી ઉઠી હતી.જયારે એક દિવસે સાસરીપક્ષે થી યુવતિના ભાઈને ફોન કરીને કહ્યું કે તમારી દિકરી બાથરૂમમાં પડી ગઈ છે. જયારે યુવતિના પરિવારજનો આવી પહોંચતા તેનુ મૃત્યુ થયુ હોવાનું જાણવા મળ્યું હતું. જયારે બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે યુવતિના પતિ અને સાસુ સામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડો.વી.કે.સુધાકરણ (રહે.સોપાનમ રોડ કોપમ કેરળ) હાલ નિવૃત જીવન ગુજારે છે. તેઓએ સેકટર-૭ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે તેઓની ૩૦ વર્ષિય દિકરી ડો.અનુપમાના લગ્ન વર્ષ ૨૦૧૮માં સમાજના રીત રિવાજ મુજબ ક્ષિતિજ રવિન્દ્રનાથ પીલ્લઈ (રહે.સેકટર-૭ પરિમલ એપાર્ટમેન્ટ મુળ રહે.કેરળ), સાથે થયા હતા. લગ્ન બાદ યુવતિને તેના પરિવારજનોને કહ્યું હતું કે તેના પતિ અને સાસુ દહેજ અંગે ત્રાસ આપી હેરાન કરી રહ્યા છે.

લગ્ન સમયે યુવતિને તેના પીયર પક્ષ તરફથી આપવામાં આવેલા ૮૦૦ ગ્રામ સોનાના દાગીના પણ સાસુ અને પતિએ લઈ લીધા હતા. જયારે ગાંધીનગર પતિના ઘરે આવતી હતી ત્યારે એરપોર્ટ પર લેવા મુકવા પણ આવતા ન હતા. જયારે ગોવાની ટુર તેના સાળાએ ગોઠવી હતી તેમાં પણ ક્ષિતિજ ગયો ન હતો.જયારે યુવતિને તેના સાસરી તરફથી ઝઘડા ચાલુ જ હતા. જયારે અનુપમાને પિતાના ઘરેથી ગાંધીનગર આવી જવા માટે ક્ષિતિજે ફોન કરીને કીધુ હતું.

જયારે ગત તા.૧૪ જાન્યુઆરીના રોજ અનુપમાના સસરાનો યુવતિના ભાઈ પ્રણવ પર ફોન આવ્યો હતો અને કહ્યું કે તાત્કાલીક ગાંધીનગર આવી જાઓ અનુપમા બાથરૂમમાં પડી જતા ઈજા પહોંચતા મૃત્યુ પામી છે. ત્યારે આ બનાવને પગલે યુવતિના પિતાએ તેની સાસુ અને જમાઈ સામે સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

## સોલંકીપુરા પાટીયા પાસે અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા મગોડી ગામ નજીક સોલંકી પુરા પાટીયા પાસે રાત્રીના સમયે બાઈક ચાલકને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા ગંભીર ઈજાને પગલે ૪૫ વર્ષિય બાઈ ચાલકનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસે અજાણ્યા વાહન સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સોલંકી પુરા ગામમાં રહેતા ઈન્દ્રસિંહ ગાંડાસિંહ સોંલંકીએ ફરીયાદ નોંધાવી છે કે ગતરાત્રીના એક વાગ્યાના અરસામાં કુંટુબી ભત્રીજાએ ફોન કરીને જાણ કરી હતી કે હું લગ્નમાંથી ઘરે જતો હતો. ત્યારે સોલંકી પુરા પાટીયા પાસેના માર્ગ પર કાકા કરણસિંહ સોલંકીને કોઈ અજાણ્યા વાહન ચાલક ટક્કર મારીને નાસી ગયો છે. જેથી તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં માર્ગ પર પડ્યા છે.આ સાંભળીને ઈન્દ્રસિંહ પરિવારના સભ્યો સાથે તાત્કાલીક સ્થળ પર દોડી આવ્યા હતા. જયાં માર્ગ પર કરણસિંહ ઈજાગ્રસ્ત હાલતમાં પડ્યા હતા. અકસ્માતને પગલે રાહદારીઓ તેમજ વાહનચાલકો એકઠા થઈ જતા ૧૦૮ ને કોલ કરતા એમ્બ્યુલન્સ આવી ગઈ હતી. જેથી કરણસિંહને સારવાર માટે ખસેડાયા હતા. જયાં ફરજ પરના તબિબે કરણસિંહને ચકાસીને મરણ જાહેર કર્યા હતા. બનાવ અંગે ઈન્દ્રસિંહને જાણવા મળ્યું હતું કે કરણસિંહ રાત્રીના સમયે બાઈક લઈને સોલંકીપુરા પાટીયા નજીકના રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈકને ટકકર મારી હતી.

**ગુજરાતમાંથી ૩૭ શિક્ષકોની પસંદગી કરાઈ**

## શાહપુર પ્રા. શાળાના આચાર્ય અશ્વિન પ્રજાપતિને રાષ્ટ્રીય નવાચારી એવોર્ડથી સન્માનિત કરાયા



ચિલોડા, તા. ૨૦

હરિયાણાના કુરૂક્ષેત્રમાં યોજાયેલ બાલરક્ષક પ્રતિષ્ઠાન અંતર્ગત તા. ૧૯મી મે ના રોજ નેશનલ લેવલ ઈનોવેટિવ કોન્ફરન્સમાં સમગ્ર ભારતમાંથી જુદા જુદા ૧૭ રાજ્યોના ૧૩૬ ઈનોવેટીવ શિક્ષકોને રાષ્ટ્રીય નવાચારી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તા. ૧૯ અને ૨૦ આ બે દિવસીય એવોર્ડ કાર્યક્રમમાં હરિયાણા રાજ્યના શિક્ષણમંત્રી ચૌધરી કંવરપાલજી તેમજ હરિયાણાના ખેલમંત્રી સરદાર સંદીપસિંહ, કુરૂક્ષેત્ર જિલ્લાના શિક્ષણાધિકારી અરૂણણ્યજી વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા હતા. આ એવોર્ડ એવા શિક્ષકોને આપવામાં આવે છે જેઓ શિક્ષણક્ષેત્રે નાવીન્યપૂર્ણ પ્રયોગો કર્યા હોય અને શિક્ષણમાં નવતર પ્રયોગો કર્યા હોય. આ એવોર્ડ માટે ગુજરાતમાંથી ૩૭ શિકોની પસંદગી કરવામાં આવી હતી. તેમાં ગાંધીનગરની શાહપુર શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિની પસંદગી થઈ હતી. જેમાં તેમને શાલ ઓઢાડી મોમેન્ટો આપી શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ પ્રાપ્ત કરી અશ્વિનભાઈ પ્રજાપતિએ પોતાની શાળા, ગામ સમાજ અને પરિવારનું ગૌરવ વધાર્યુ હતુ. આ સમગ્ર એવોર્ડ કાર્યક્રમ હરિયાણાના કુરૂક્ષેત્રમાં આવેલ શ્રી જયરામ વિદ્યાપીઠમાં યોજાયો હતો.

**સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા એસોસિએટ પ્રોફેસરની ભરતીમાં**

## અધ્યાપક સહાયકની ૫ વર્ષની ફિક્સ પગારની નોકરી અનુભવ તરીકે અમાન્ય કરતા ઉમેદવારોને અન્યાય

ગાંધીનગર, તા.૨૦

મળતી વિગત મુજબ સરદાર પટેલ યુનિવર્સિટી, આણંદમાં તારીખ ૨૨-૫-૨૦૨૨ ને રવિવારે ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન માટે એસોસિએટ પ્રોફેસર (SEBC) અને SC કેટેગરી માટે ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે. જેમાં ગ્રાન્ટ ઈન એઈડ કોલેજમાં અધ્યાપક સહાયક તરીકે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીએ નિમણૂક આપેલ છે અને રાજ્ય સરકારની યુનિવર્સિટી દ્વારા અધ્યાપક સહાયકની માન્યતા આપેલ છે આમ, તમામ રીતે માન્ય નિમણુંક હોવા છતાં આવા ઉમેદવારોનો શૈક્ષણિક અનુભવ ગેરમાન્ય કરી ઉમેદવારોને એસોસિએટ પ્રોફેસરના ઈન્ટરરવ્યુ માટે **Not Eligible** કરેલ છે જેને કારણે અધ્યાપક સહાયકોને થયેલ છે ઉમેદવારોના મનમાં રોષ ઉભો થયેલ છે ઉપરાંત ઉમેદવારોના જણાવ્યા અનુસાર લાગતા વળગતાંને નિમણુંક આપવા માટે લાયક ઉમેદવારોને આ રીતે ગેરમાન્ય કરી ઈન્ટરવ્યૂ કોલ લેટર આપેલ નથી. આમ, સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા સરકાર દ્વારા નિમણુંક આપેલ ફૂલ સમયના અધ્યાપક સહાયકોનો અનુભવ અમાન્ય કરી સરકારની અધ્યાપક સહાયક નિમણૂકને ફરી શોષણયુક્ત સાબિત કરી છે. ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટી દ્વારા અમાન્ય ગણવા માટે આ મુજબ કારણ દર્શાવેલ છે જે સરકારની નીતિ પર પણ પ્રશ્નો ઉભા કરે છે. એસપી યુનિવર્સિટી દ્વારા અધ્યાપક-સહાયકની સર્વિસ વેલીડ સર્વિસ નથી એવું જણાવવામાં આવ્યું છે. તો સરકારે કરેલ અધ્યાપક-સહાયકોની નિમણુંક અને તેમની સર્વિસ તેમની જ સરદાર પટેલ વેલિડ સર્વિસ માનતી નથી જેને પગલે અધ્યાપક-સહાયકોને અન્યાય થતા રોષ ભભુકી ઉઠયો છે.

**વડનગર ઇન્ટરનેશનલ કોન્ફરન્સ-૨૦૨૨ સમાપન સમારોહ**

## વડનગર ખાતે પ્રતિ વર્ષ ત્રિદિવસીય ‘વડનગર ઉત્સવ’ની ભવ્ય ઉજવણી કરાશે : પંકજકુમાર

**૨૦૦ કરોડના ખર્ચે વડનગર ખાતે તૈયાર થઈ રહેલાં એક્સપેરિમેન્ટલ મ્યુઝિયમના નિર્માણથી સ્થાનિક રોજગારીની તકો વધશે : ગાંધીનગર ખાતે આયોજિત ત્રિદિવસીય ‘વડનગર ઇન્ટરનેશનલ કોન્ફરન્સ’નો સમાપન સમારોહ યોજાયો**




ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતના ઐતિહાસિક નગર વડનગર ખાતે આગામી વર્ષથી પ્રતિ વર્ષ ત્રિદિવસીય વડનગર ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે તેમ આજે ગુજરાતના મુખ્ય સચિવ પંકજકુમારે મહાત્મા મંદિર ખાતે ‘વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ-૨૦૨૨’ના સમાપન સત્રમાં જાહેરાત કરતાં કહ્યું હતું.

મુખ્ય સચિવ પંકજકુમારે વડનગરના નગરજનો તેમજ દેશ-વિદેશથી ત્રિદિવસીય કોન્ફરન્સમાં સહભાગી થયેલા મહાનુભાવોને આવકારતાં કહ્યું હતું કે ૨૫૦૦ વર્ષ જૂના વડનગરના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સમૃદ્ધ વારસાને દેશ-દુનિયા સમક્ષ રજૂ કરવા વડનગર ઉત્સવની ઉજવણી કરાશે. જેમાં વડનગર ખાતે એક દિવસની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ તેમજ બે દિવસનો આંતરરાષ્ટ્રીય તાનારીરી સાંસ્કૃતિક મહોત્સવ ઉજવાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વડનગરના વિવિધ સાંસ્કૃતિક બૌદ્ધ અને ઐતિહાસિક વારસાને ઉજાગર કરતું રૂ. ૨૦૦ કરોડના ખર્ચે વર્લ્ડ કલાસ એક્સપેરિમેન્ટલ મ્યુઝિયમ આકાર લઈ રહ્યું છે. જેના પરિણામે વડનગરનો ચતુર્મુખી વિકાસ થશે અને દેશનું મહત્વનું ઐતિહાસિક સ્થળ બનશે. વિશ્વભરના દેશો સહિત અન્ય રાજ્યોના પુરાત્વવિદો અને પ્રવાસીઓ પણ વડનગરની મુલાકાતે આવશે જેના પરિણામે સ્થાનિકકક્ષાએ રોજગારીની વ્યાપક તકોનું નિર્માણ થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું હતું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વડનગર સહિત ભારતભરના પ્રાચીન અને સમૃદ્ધ ઐતિહાસીક સ્મારકો-વારસાને નવી વૈશ્વિક ઓળખ મળી છે. વડનગરની પ્રત્યક્ષ મુલાકાતથી જ ૨૫૦૦ વર્ષ જૂની સંસ્કૃતિ-વારસાની અનુભૂતિ કરી શકાશે તેમ જણાવી ઉપસ્થિત સૌ મહાનુભાવો, સંશોધકો, પુરાતત્વવિદો અને વિદ્યાર્થીઓને ઐતિહાસિક નગર વડનગરની મુલાકાત લેવા મુખ્ય સચિવે આ પ્રસંગે અનુરોધ કર્યો હતો.

## ગાંધીનગર મહાનગર વોર્ડ નં. ૯ ના ભાજપાના જનસંપર્ક કાર્યાલયનો શુભારંભ

**પ્રદેશ મહામંત્રી રજનીભાઇ પટેલ તેમજ પરમ પૂજ્ય પી.પી. સ્વામીજીની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાયો ઉદ્ઘાટન સમારોહ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે તા. ૧૯ મે ૨૦૨૨, ગુરૂવારના રોજ ગાંધીનગર મહાનગર વોર્ડ નં. ૯ ના ભાજપા જનસંપર્ક કાર્યાલય (સરનામું: શોપિંગ સેન્ટર, સે.૨)નું



ઉદ્‌ઘાટન પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ તેમજ પરમ પૂજ્ય પી.પી. સ્વામીજીની ગરિમામય ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, મહામંત્રી ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીઓ, કોર્પોરેટરો તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સંગઠનના સર્વે પદાધિકારીઓ, તમામ નગરસેવકો તેમજ કાર્યકર્તાઓને જનતાના સ્થાનિક પ્રશ્નો અંગે અવિરતપણે જાગૃત રહી સતત કાર્યશીલ રહેવા માટે આહવાન કર્યું હતું અને સંગઠન અને નગરસેવકોની પ્રજાલક્ષી કામગીરીને બિરદાવી હતી. પરમ પૂજ્ય પી.પી. સ્વામીજીએ આશીર્વચન પાઠવી ઉપસ્થિત સૌને જનતાની સેવામાં સતત પરોવાયેલા રહી જનતાના હિતના વધુ ને વધુ કામ કરવા માટે જણાવ્યું હતું.

વોર્ડ નં. ૯ ના જનસંપર્ક કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે વોર્ડ સંગઠનના ભાજપાના પ્રમુખ કમલેશ બેંકર તથા હોદ્દેદારો તેમજ જનતાના આશીર્વાદથી નગરસેવક તરીકે ચૂંટાયેલા રાજુભાઈ પટેલ, ડૉ. સંકેત પંચાસરા, અલ્પાબેન પટેલ, શૈલાબેન ત્રિવેદીએ સતત સક્રિય રહીને વોર્ડમાં રહેતા નાગરિકો માટે મક્કમતાથી કાર્ય કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

## સ્વ. રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિતે આજે શહેર કોંગ્રેસ છાશ વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૨૦

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિતે તા.૨૧મી મે ૨૦૨૨, શનિવારના રોજ સવારે.૧૧.૦૦ થી ૧.૦૦ કલાક સુધી પથિકાશ્રમ એસટી.ડેપો ખાતે ગાંધીનગર જિલ્લા, શહેર કોગ્રેસ સમિતિ દ્વારા છાશ વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા દ્વારા જિલ્લા તેમજ શહેર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો તમામ સેલ, એનએસયુઆઈ, એસસી, એસટી, ઓબીસી, મહિલા, યૂથ સેવાદળ, કિસાન, માલધારી વગેરે ઉપરાંત તમામ ધારાસભ્યો, જિલ્લા - તાલુકા શહેરના સદસ્યો, નગર પાલિકાના સદસ્યો, ચૂંટણી લડેલા ઉમેદવારો, હોદ્દેદારો સહિત કોંગ્રેસ પક્ષના દરેક આગેવાનો કાર્યકર મિત્રોને કાર્યક્રમમાં હાજર રહેવા જણાવાયું છે.

**નામ બદલેલ છે**

મારું નામ ચૌધરી હેમાંગીબેન નારણભાઈ હતું જે બદલીને ચૌધરી હેમાંગી નારણભાઈ કરેલ છે.
ગામ : મકાખાડ,
તા. માણસા, જી. ગાંધીનગર
- ચૌધરી હેમાંગી